ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૮૪/૧૮-૧૯/ 1594 તારીખ : 29 APR 2019

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૮૪/૧૮-૧૯

પ્રતિ,
મે. મિલન જીનીંગ પ્રેસીંગ પ્રા.લી.,
૪૪૦ કે.વી. સબ સ્ટેશન નજીક,
નેશનલ હાઈવે ૮-એ,
મુ.ઉટડી-લીંબડી
જી.સુરેન્દ્રનગર-૩૬૩ ૩૧૦.
ફો.નં. (૦૨૭૫૩) ૨૬૨૧૦૯.

**વિષય : એચ.ટી. કનેકશનના વીજબીલમાં ભુલ સુધારવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૬/૦૩/૧૯.
(૨) પીજીવીસીએલ/સીજીઆરએફ/ના.કા.ઈ. સૌરાષ્ટ્ર શાખા નહેર/૧૩૮૬ તા.૧૬/૦૨/૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૮૪/૧૮-૧૯/૯૯૪ તા.૧૨/૦૩/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૮૪/૧૮-૧૯/૧૨૦૪ તા.૨૯/૦૩/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૯/૦૪/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **લીંબડી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**<u>કેઈસ નંબર - ૧૮૪/૧૮-૧૯</u>**

વાદી :- મે. મિલન જીનીંગ પ્રેસીંગ પ્રા.લી.

**◈ વિરૂધ્ધ ◈**

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**◈ <u>રજુઆતની તારીખ</u>:- ૦૯.૦૪.૨૦૧૯ ◈**

હાજર રહયા :- શ્રી આર. એમ. બાવરવા – (પ્રતિનીધી)

પ્રતિવાદી :- શ્રી એમ. આર. ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે. મિલન જીનીંગ પ્રેસીંગ પ્રા.લી., મુ.ઉંટડી-લીબડી, જી.સુરેન્દ્રનગર ની એચ.ટી. કનેકશનના વીજબીલમાં ભૂલ સુધારવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૮૪/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૮૪/૧૮-૧૯/૯૯૪ તા.૧૨.૦૩.૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૯.૦૪.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમા વાદી વતી તેમના પ્રતિનીધી શ્રી આર. એમ. બાવરવા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ. આર. ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી ઉપસ્થિત રહેલ.

**<u>વાદીશ્રીની રજુઆત</u>:- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમોએ લીબડી વિભાગીય કચેરીમાં એચ.ટી. બીલોમાં ભૂલો હોય નિયમ મુજબ સુધારવા અને અમારી નીકળતી રકમ જમા આપવા અરજી કરેલ. આ અરજીની નકલ આ સાથે સામેલ છે. અમોને આજ સુધી કોઈ પ્રત્યુતર આપેલ નથી. આપનું નીચે મુજબના મુદ્દાઓ પ્રત્યે ધ્યાન દોરવા માંગું છું.

૧.૨ અમારૂ કનેકશન ગ્રામ્ય વિસ્તારમાં આવેલું છે અને સ્ટાફ કવાર્ટરમાં અલગ મીટર મુકેલ હોવા છતાં રેસીડેન્સીયલ વપરાશ પર બીલમાં ૧૫ % વીજ કર વસુલ કરેલ છે. કલેકટર ઓફ ડયુટીના પરીપત્ર નં.D/INST/AMN/APR-2013/6180 ૦૯/૦૪/૨૦૧૩ અને ગુજરાત એકટ નં.૮ ઓફ ૨૦૧૩ નું ગેઝેટના પાના નં.૮.૪ મુજબ પાર્ટ-૧ ના વિભાગ-૧ માં ગ્રામ્ય રેસીડેન્સીયલ માટે ૭.૫ % વીજકર લેવાનો હુકમ છે અને વિભાંગ ૩ માં એચ.ટી. કનેકશન માટેના રેસીડેન્સીયલ વપરાશ સિવાયના વપરાશ પર ૧૫ % લેવાનો હુકમ છે. આ હુકમની નકલ આ સાથે સામેલ

Grievance Redressal ... P.G.V.C.L. Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મે. મિલન જીનીગ પ્રેસીગ પ્રા.લી. ગામ–ઉંટડી, લીબડીમાં ગ્રાહક નં.૧૭૪૪૨ થી ૨૫૦ કેવીએ નું એચ.ટી વીજ કનેકશન ૧૯૯૫ થી ધરાવે છે.

૩.૨ વાદી વતી તેના પ્રતિનીધી શ્રી આર. એમ. બાવરવા આજ તા.૦૯/૦૪/૧૯ ના રોજ ફોરમ સમક્ષ રજુઆત માટે હાજર છે.

૩.૩ વાદીએ તેમની રજુઆતમાં તેમના એચ.ટી. પ્રિમાઈસીસમાં રેસીડેન્સયલ સ્ટાફ કવાર્ટસના વીજ વપરાશ પર પ્રતિવાદી દવારા વસુલ કરવામાં આવતી ઈલેકટ્રીક ડયુટીનો મુદ્દો ઉપસ્થિત કરેલ છે, તે માટે વાદીએ કલેકટર ઓફ ઈલે. ડયુટીનો પરીપત્ર રજુ કરેલ છે.

૩.૪ વાદીના એચ.ટી. વીજ સ્થાપનની પ્રિમાઈસીસ પર રેસીડેન્સયલ કવાર્ટસ માટે મીટર મુકવામાં આવેલ નથી, તેથી રેસીડેન્સયલ કવાર્ટસમાં થતો વીજ વપરાશ પર વસુલવામાં આવતી ઈલે. ડયુટીનો વાદીનો મુદ્દો અસ્થાને છે.

૩.૫ તેમજ ઈલે. ડયુટી વસુલાત અંગેની તકરારનો મુદ્દો ફોરમની હકુમતમાં આવતો ન હોય ફોરમે આ બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી વાદીએ સક્ષમ ઓથોરીટી પાસે ઈલે. ડયુટી અંગેની તકરારની રજુઆત કરવી.

૩.૬ વાદીની રજુઆત છે કે તેઓ સીઝનલ ગ્રાહક છે અને તેથી તેઓનું વીજબીલ એચ.ટી. ટેરીફના કલોઝ નં.૧૪.૧ થી ૧૪.૧૧ મુજબ બનાવવાનું થાય અન તેઓને ૧૪.૧૦ મુજબ ~~કનેકશન~~ ફોર યુઝ ઓફ નાઈટ આપવામાં આવતું નથી.

૩.૭ મે. મિલન જીનીગ પ્રેસીગ પ્રા.લી. ૨૫૦ કે.વી.એ.નાં એચ.ટી. સીઝનલ કન્ઝયુમર છે જેનું બીલીગ એચ.ટી.પી.–૧ ટેરીફ મુજબ થાય છે. એચ.ટી.પી.–૧ ના ટેરીફ શેડયુઅલ ૧૪.૧૦ નીચે મુજબ છે.

- 14.10 CONSESSION FOR USE OF ELE. DURING NIGHT HOURS. :

  " For the consumer eligible for using supply at anytime during 24 hours, entire consumption shall be billed at the energy charges specified above. However, the energy consumed during night hours of 10:00 PM to 06:00 AM next morning shall be eligible for concession at the rate of 40 paisa per unit."

પ્રતિવાદી દવારા વાદીના એચ.ટી. કનેકશનનું બીલીગ સીઝનલ ગ્રાહક તરીકે કરવામાં આવે છે અને તેના કલોઝ નં.૧૪.૧૦ મુજબ નાઈટ કન્ઝમ્પશન પર આપવું પડતું ૪૦ પૈસા પ્રતિ યુનિટનું કન્સેશન આપવામાં આવતું નથી.

3.8 The Tariff Order for concession on use of energy consumed during night hours of 10:00 PM to 6:00 AM next day morning was given by GERC from FY 2016 - 2017. So, eligibility of concession on use of energy during night hours as mentioned in Para 3.7, should be given to plaintiff.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

3.9 In the instant case Milan Ginning and Pressing Pvt. Ltd should get the benefit of concession on use of night consumption as per 14.10 of the tariff schedule from the effective date of Tariff Order from FY 2016-2017.

## : ORDER :

- On the base of written,oral representations and documents from both party and Forum's observations and findings **"It is ordered as per Para No. 3.5 & 3.9".**

- If Plaintiff has any grievance against this judgement, then Plaintiff can represent to The Ombudsman Office, Block No. 3, Polytechnic Compound, Ambavadi, Ahmedabad in 30 days after this judgement.

**( B.J. Dave )**
**Independent Member**

**( P. N. Ajakiya)**
**Technical Member**

**( M.R. Vajaria)**
**Chiarman, C.G.R.F,**
**P.G.V.C.L., Bhavnagar.**

**Date : 09.04.2019.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.